# ડીસામાં પેટ્રોલ પમ્પ નજીક આંગડિયા કર્મચારી લૂંટાયો

## બાઈક પર આવેલા ત્રણ શખ્સોએ મરચાની ભૂકી નાખી લૂંટ ચલાવી

બનાસકાંઠાના ડીસા પંથકમાં છેલ્લા ઘણા સમય ગુનાખોરી ના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થયો છે પોલીસ અને કાયદાનો ખોફ ઓછો થતા પ્રજા ભય ના ઓથાર તળે જીવી રહી છે ડીસામાં અવાર નવાર લૂંટ જેવી ઘટનાઓ પણ સામાન્ય બની ગઈ છે થોડા સમય અગાઉ ડીસાના હીરાબજાર નજીક આંગડિયા પેઢીના કર્મીની લૂંટ થઈ હતી ત્યારબાદ ગત ગુરુવારે



સાંજે ડીસાના રિલાયન્સ પેટ્રોલપમ્પ નજીક બાઈક પર જતાં આંગડીઆ કર્મી ને ત્રણ અજાણ્યા શખ્સોએ આંખમાં મરચું નાખી લૂંટ ચલાવતા ચકચાર મચી જવા પામી છે

શહેરના એન આર શોપિંગ સેન્ટરમાં ધારા કુરિયર નામની ઓફિસ ચલાવતા જીજ્ઞેશભાઈ હસમુખલાલ ઠક્કર ગુરુવારે સાંજે સાડા સાત વાગ્યેના સુમારે પોતાની કુરિયર ઓફિસમાંથી ૭૭૭૭૦ રૂપિયા લઈ થેલીમાં લઇ સાર ટાઉનશીપ તરફ પોતાના ઘરે જતા હતા તે દરમિયાન સરસ્વતી હોસ્ટેલ નજીક બાઈક પર આવેલા ત્રણ અજાણ્યા શખ્સોએ જીજ્ઞેશભાઈની આંખમાં મરચાની ભૂકી નાખી રોકડ ભરેલ થેલીની લૂંટ ચલાવી નાસી છૂટ્યા હતા જે બાબતે જીજ્ઞેશભાઈ ઠક્કરે ડીસા ઉત્તર પોલિસ મથકે ફરિયાદ નોંધાવતા ડીસા ડી વાય એસ પી સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને આસપાસના સી સી ટી વી ફૂટેજ મેળવવાની તજવીજ હાથ ધરી લૂંટની આ ઘટનાની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી બનાવના પગલે ચકચાર મચી જવા છે.



હિમતનગરમાં ગુરુવારે દિવસ દરમિયાન વરસાદી ઝાપટા પડ્યા હતા દરમિયાન વરસાદ વચ્ચે અંબાજી જઈ રહેલા રથ સાથે પદયાત્રીઓ ભીંજાયા હતા.



## મોડાસાના માર્ગો પર કાલોલના મલાવ ગામના પદયાત્રીઓ અંબાજી મંદિરના આબેહૂબ રથ સાથે

અંબાજી જતા માર્ગો પર પદયાત્રીઓથી ઉભરાઈ રહ્યા છે, ત્યારે અવનવા રથ લઈને માઈ ભક્તોનો ઘોડાપુર જોવા મળી રહ્યો છે. અરવલ્લી જીલ્લાના માર્ગો પરથી કાલોલ તાલુકાના મલાવ ગામથી નિકળેલા પદયાત્રીઓના સંઘમાં રહેલો રથ ‘‘અંબાજી મંદિર’’ની આબેહૂબ પ્રતિકૃતિથી જિલ્લાવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. સંઘના માઈ ભક્તોના જણાવ્યા અનુસાર, આ સંગમાં બસો જેટલા સભ્યો છે અને માતાજીઓના આ રાથ સેવનના લાકડામાંથી તૈયાર કરવામાં આવ્યો છે જેનો અંદાજે ખર્ચ ૫ લાખ રૂપિયામાં તૈયાર કર્યો છે. વર્ષ ૨૦૧૨માં આ રથનું નિર્માણ કરવામાં આવ્યું હતું, આ પદયાત્રીઓ કાલોથી ૨૮૦ કિલોમિટરનું અંતર કાપી અંબાજી ખાતે અગિયારસના દિવસે પહોંચશે તેવુ જણાવ્યું હતું. પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, મહિસાગર જિલ્લાના પદયાત્રીઓ મોડાસા થઈને અંબાજી પહોંચી રહ્યા છે. પદયાત્રીઓ માટે અનેક સેવાભાવી સંસ્થાઓ દ્વારા વિસામા સહિતનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે.

## માલપુરના માલજીના પહાડીયા નજીક પદયાત્રીઓને બાઈકે અડફેટે લેતા બે પદયાત્રી ઈજાગ્રસ્ત

મોડાસા, તા. ૬

અરવલ્લી જીલ્લાના મુખ્યમાર્ગો અને અંતરિયાળ માર્ગો અંબાજી પગપાળા જતા સંઘોથી ઉભરાઈ રહ્યા છે. ભાદરવી પૂનમ નજીક છે પદયાત્રીઓના સંઘ બોલ મારી અંબે જય જય અંબેના નાદ સાથે મોટી સંખ્યામાં અંબાજી તરફ પ્રયાણ કરી રહ્યા છે. રાત્રીના સમયગાળા દરમિયાન પદયાત્રીઓ પસાર થતા પદયાત્રીઓ અનેકવાર રોડ પરથી પસાર થતા નાના-મોટા વાહનચાલકોની અડફેટે આવી અકસ્માતનો ભોગ બને છે. હાલોલ-શામળાજી માર્ગ પર વાંટા-વાછોડા માર્ગ પર કારની ટક્કરે ત્રણ પદયાત્રીઓના મોતની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યાં મોડાસા ના મુલોજ અને માલપુર ના માલજીના પહાડીયા નજીક બે અલગ-અલગ બાઈક સવારોએ પદયાત્રીઓને અડફેટે લેતા ઈજાગ્રસ્ત થતા પદયાત્રીઓમાં ચિંતા પ્રસરી હતી.

### સાબરકાંઠા પોલીસ વડાએ ને.હા.નં-૮ પર પડેલા જીવલેણ ખાડાઓને પગલે

# એન.એચ.એ.આઈને નોટિસ ફટકારી, અકસ્માત થશે તો ૩૦૪ મુજબ ગુનો નોંધાશે

ઉદેપુર-અમદાવાદ ને.હા.નં-૮ પર શામળાજી-ગાંધીનગર સુધીના રોડ પર પર ઠેર ઠેર ખાડાઓ પડતા વાહનચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. ને.હા.નં-૮ પહોળો કરવાનું નવીનીકરણનું કામકાજ ચાલી રહ્યું છે. અનેક જગ્યાએ ડાયવર્જન આપવામાં આવ્યા છે અને પિલ્લરો પણ મૂકી દેવાતા પિલ્લરો આડા પડી જતા અને રેડીયમ લગાવેલ ન હોવાથી વાહનો અથડાતા અકસ્માતની ઘટનાઓ બની રહી છે.

સાબરકાંઠા જીલ્લા પોલીસવડા ચૈતન્ય માંડલિકે અકસ્માતમાં લોકોએ જીવ ગુમાવતા અને અકસ્માતની હારમાળા સર્જાતા નેશનલ હાઈવે ઑથોરિટી ઓફ ઈન્ડિયાને નોટિસ ફટકારી તાકીદ કરી છે કે હવે પછી એન.એચ.એ.આઈ ની બેદરકારીના લીધે અકસ્માત થશે તો તેની સામે ૩૦૪ મુજબનો ગુન્હો નોંધાશેની નોટિસ ફટકારતા




એન.એચ.એ.આઈમાં ભારે દોડધામ મચી છે.

અમદાવાદ-ઉદેપુર ને.હાઈ.નં-૮ પર વાહનચાલકો પાસેથી ભારે ટોલટેક્સ ખંખેરવામાં આવી રહ્યો હોવા છતાં રોડની હાલત જોતા ખાડામાં રોડ બનાવ્યો હોય તેમ ઠેર ઠેર મસમોટા ખાડાઓ પડતા અને સમારકામમાં બેદરકારી દાખવતા પુરપાટ ઝડપે દોડતા વાહનચાલકો હાઈવે પર પડેલા ખાડાઓથી અજાણ હોવાથી ખાડામાં વાહન ખાબકતા વાહનચાલક સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવી દેતા વારંવાર નાના-મોટા અકસ્માતની ઘટનાઓ બનતી રહે છે અને અનેક વાહનચાલકોએ અને રાહદારીઓએ જીવ ગુમાવવા છતાં નેશનલ હાઈવે ઑથોરિટી ને જાણે જીવનું મૂલ્ય નં હોય તેમ આંખ આડે કાન કરતા સાબરકાંઠા જીલ્લા એસપીએ નોટિસ ફટકારતા વાહનચાલકોમાં આનંદ છવાયો હતો.

# મોડાસા - શામળાજી પોલીસનો બુટલેગરો પર સપાટો

## મોડાસા રૂરલ પોલીસે વિસ્ટા કારમાંથી ૬૯ હજાર, સેવરોલેટ કારમાંથી ૭૮ હજાર અને શામળાજી પોલીસે ટ્રકમાંથી ૨.૧૬ લાખનો દારૂ જપ્ત કર્યો

મોડાસા, તા. ૬

અરવલ્લી જીલ્લા પોલીસતંત્રએ બુટલેગરો પર તવાઈ બોલાવતા ત્રણ જુદા જુદા વાહનોમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂ રાજ્યમાં ઘુસાડાતો અટકાવતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો હતો. મોડાસા રૂરલ પોલીસે દધાલિયા પંથકના અંતરિયાળ વિસ્તારમાંથી વિસ્ટા કારમાં સંતાડીને લવાતા ૬૯ હજારના વિદેશી દારૂ સાથે બે બુટલેગરો અને રાજેન્દ્રનગર ચોકડી નજીક સેવરોલટ કારમાંથી ૭૮ હજારનો વિદેશી દારૂના જથ્થા સાથે બે બુટલેગરોને દબોચી લીધા હતા.

શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીકથી ટ્રક-કન્ટેનરમાંથી બુટ-ચપ્પલ અને કૂકરના બોક્સની આડમાં સંતાડીને લવાતો ૨.૧૬ લાખનો વિદેશી દારૂ સાથે બે બુટલેગરોને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

મોડાસા રૂરલ પી.એસ.આઈ. કે.એસ. સિસોદિયાએ દધાલિયા પંથકના ગ્રામ્ય વિસ્તારમાં ચેકીંગ હાથ ધરી મુલોજ ગામની સીમમાંથી પસાર થતી ઈન્ડિકા વિસ્ટા કારમાંથી





વિદેશી દારૂ-બિયર ટીન નંગ-૨૧૬ કીં. રૂ.૬૯૬૦૦નો જથ્થો જપ્ત કરી કચરાભાઈ જવાનભાઈ ખાંટ(રહે.માલજીના મુવાડા,શીણાવાડ) તથા પ્રકાશભાઈ શંકરભાઈ પટેલ (રહે, ઘાટલોડિયા,અમદાવાદ)ની ધરપકડ કરી તથા કાર અને મોબાઈલ મળી કુલ રૂ.૨૭૩૧૦૦નો મુદ્દામાલ જપ્ત કરી વિદેશી દારૂ ભરી આપનાર મણિલાલ ખેમાભાઈ આંબલીયા (રહે, રાજ) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી તથા રાજેન્દ્રનગર ચોકડી નજીકથી શામળાજી તરફથી આવતી સેવરોલેટ કારની અંદર છુપાવેલ વિદેશી દારૂની બોટલ નંગ-૧૬૯ કીં. મ.૭૮૪૦૦નો જથ્થો જપ્ત કરી સંજય હમીરલાલ શર્મા અને કમલેશ ગણેશભાઈ લુહાર નામના રાજસ્થાની બે શખ્શોને ઝડપી પાડી કુલ રૂ.૨૭૮૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીકથી ટ્રક-કન્ટેનરમાં બુટ-ચપ્પલ, કુકર અને મેટીની પાછળ સંતાડીને લવાતો વિદેશી દારૂ કીં. રૂ.૨૧૬૦૦૦ તથા કુલ રૂ.૧૬૧૬૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ડિઝલસીંગ રોમાલસિંગ રાજપૂત અને સુનિલ પવનકુમાર પુનિયા (બંને, રહે.જમ્મુ-કાશ્મીર)ની ધરપકડ કરી કાકુ નામના બુટલેગર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### મોડાસાના ક્રિશ નામના બાળકે કોઠાસુજથી

# ઈકો ફ્રેન્ડલી ગણપતિ બનાવી સ્થાપન કરી વિસર્જન કર્યું

મોડાસા, તા. ૬

સમગ્ર દેશમાં ગણેશ મહોત્સવ ભારે ધામધૂમથી ઉજવાઈ રહ્યો છે ત્યારે પીઓપીની



મૂર્તિની સ્થાપના કરી તેને જળાશયોમાં વિસર્જિત કરવાથી નદી તળાવમાં ભારે પ્રદુષણ ફેલાય છે અને જળચર પ્રાણીઓ પણ આવા પ્રદુષિત જળનો ભોગ બને છે ત્યારે મોડાસાની અલંકાર સોસાયટીમાં રહેતા ક્રિસ અતુલભાઈ પરમાર છેલ્લા ચાર વર્ષથી પોતાના નિવાસસ્થાને માટીના સુશોભિત ગણેશજીની મૂર્તિ બનાવી પાંચ દિવસ સુધી તેનું પૂજન અર્ચન આરતી કરે છે અને પાંચમા દિવસે પ્રદુષણ ના ફેલાય અને શ્રદ્ધા પણ જળવાઈ રહે તે માટે પોતાના ઘરમાં પ્લાસ્ટિકના ટબમાં પાણી ભરી અને શ્રદ્ધાપૂર્વક વિસર્જન કરે છે.

ચાલુ વર્ષે પણ ક્રિશ પરમારે ગણપતિ સ્થાપના કર્યાને પાંચમા દિવસે પોતાના નિવાસ સ્થાને મૂર્તિનું વિસર્જન કર્યું હતું આમ પ્રદુષણને ધ્યાનમાં રાખી અનોખી ગણેશ ભક્તિ અન્ય વ્યક્તિઓ માટે પણ ઉદાહરણરૂપ છે.

# ધાનેરાના જોરાપુરા ગામની સીમમાં ૩૦ વર્ષીય યુવકની કુહાડી ના ઘા ઝીંકી હત્યા કરી

ધાનેરા વિસ્તાર માં એક બાદ એક હત્યા ના બનાવો બની રહ્યા છે જેથી સ્થાનિક લોકો માં પણ ભારે ભય નો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે ગત મોડીરાત્રે ધાનેરા તાલુકા ના ધાખા ગામના ૩૦ વર્ષીય યુવક ની કુહાડી ના ઘા ઝીંકી જોરાપુરા ગામની સીમમાં હત્યા કરી દેતા ચકચાર મચી જવા પામી છે તો બીજી તરફ ધાનેરા પોલીસે મૃતક ની લાશ ને ધાનેરા ખસેડી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે. ધાનેરા વિસ્તાર માં છેલ્લા ઘણા સમય થી ચોરી ,વાહન ચોરી તેમજ હત્યા ના બનાવો માં વધારો થતો જોવા મળી રહ્યો છે જેથી લોકો માં પણ ભયભીત બન્યા છે ધાનેરા તાલુકા ના ધાખા ગામે રહેતા રત્નાભાઈ પ્રતાપભાઈ માજીરાણા ઉ વ ૩૦ ની પ્રકાશભાઈ કર્ણાભાઈ માજીરાણા ઉ વ ૪૦ નાનીડુંગડોલ વાળા એ કુહાડી ના ઘા મારી હત્યા કરી દેતા ચકચાર મચી જવા પામી છે રત્નાભાઈ દુધભરાવી ને પરતફરી રહ્યા હતા તે સમયે તેમની સાથે ચાલી રહેલા પ્રકાશભાઈ કર્ણાભાઈ જોડે સામાન્ય બોલાચાલી અને થઈ અને પ્રકાશે આ ભાઈ ને ગળાના ભાગ માં કુહાડી ના ઘા મારતા રત્નાભાઈ નું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું તો બીજી તરફ મૃતાગ ના સગાએ જણાવ્યું હતું કે પ્રકાશ અને રત્નો બન્ને દૂર ના મામા ફોઈ ના ભાઈ છે અને બે હજાર રૂપિયા ની લેતી દેતી માટે આ હત્યા કરી છે સમગ્ર ઘટના બાબતે ધાનેરા પોલીસ ને જાણ કરતા ધાનેરા પોલીસે ઘટના સ્થેળ પહોંચી મૃતક ની લાશ ને પીએમ અર્થે ધાનેરા ખસેડી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.

## ભારતની સિદ્ધિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિક્રમ સપાટીની નજીક પહોંચશે. ઉતરનારની જગ્યાને સ્કેન કરવાની શરૂઆત કરશે. આ પ્રક્રિયા સફળરીતે પૂર્ણ થયા બાદ લેન્ડિંગની પ્રક્રિયા શરૂ થશે. લેન્ડિંગ બાદ લેન્ડર વિક્રમના દરવાજા ખુલી જશે અને રોવર (પ્રજ્ઞાન)ને છોડી દેવામાં આવશે. રોવરને બહાર નિકળવામાં આશરે ચાર કલાકનો સમય લાગશે. ત્યારબાદ વૈજ્ઞાનિક પરીક્ષણ માટે ચંદ્રની સપાટી ઉપર નિકળી જશે. આના ૧૫ મિનિટની અંદરથી જ ઇસરો લેન્ડિંગના ફોટાઓ મળવાની શરૂઆત થશે. સ્વદેશી ટેકનિકથી નિર્મિત ચંદ્રયાન-૨માં કુલ ૧૩ પેલોડ છે. આઠ ઓર્બિટરમાં ત્રણ પેલોડ લેન્ડર વિક્રમ અને બે પેલોડ રોવર પ્રજ્ઞાન છે.

પાંચ પેલોડ ભારતના, ત્રણ યુરોપના, બે અમેરિકાના અને એક બલ્ગારિયાના પેલોડ રહેલા છે. લેન્ડર વિક્રમનું નામ ભારતીય અંતરિક્ષ કાર્યક્રમ જનક ડો. વિક્રમ સારાભાઇના નામ પર છે. બીજી બાજુ ૨૭ કિલોગ્રામ વજન ધરાવતા પ્રજ્ઞાનનો મતલબ સંસ્કૃત ભાષામાં બુદ્ધિમાન થાય છે. ઇસરો ચંદ્રયાન-૨ને ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતારશે.

## આભ ફાટ્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગરકાવ થવાના કારણે આખુ ગામ સંપર્કવિહોણું બન્યુ હતુ, તંત્રના અધિકારીઓ અને રાહત અને બચાવની ટીમો બહુ પાણી ભરાઇ ગયેલા વિસ્તારમાંથી લોકોને સલામત સ્થળે ખસેડવા માટે યુધ્ધના ધોરણે કામગીરી કરતાં જોવા મળ્યા હતા. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી માહોલ અકબંધ રહ્યો છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદ થયો છે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં હળવો વરસાદ થયો છે. મોટાભાગના વિસ્તારો ભારે વરસાદના કારણે જળબંબાકારની સ્થિતિનો સામનો કરી રહ્યા છે. ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં પણ વરસાદ થયો છે. દક્ષિણ ગુજરાતમાં હળવો વરસાદ થયો છે. આજે દેવભૂમિ દ્વારકા નજીક ૧૫ ઈંચથી વધુ વરસાદ સિવાય જુનાગઢ, ધોરાજી, ભાવનગર, પાલીતાણા, પોરબંદર, ભૂજમાં પણ વરસાદ પડ્યો છે. આ ઉપરાંત ગુજરાતમાં સિઝનમાં ઉલ્લેખનીય વરસાદ થઈ ગયો છે. ગુજરાતમાં પણ ભારેથી અતિભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. ખાસ કરીને ડાંગ, તાપી, નવસારી, વલસાડમાં ભારે વરસાદ થઈ શકે છે. જ્યારે સૌરાષ્ટ્રમાં રાજકોટ, જામનગર, પોરબંદર, દ્વારકા, ગીરસોમનાથ, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરતમાં પણ ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. અતિભારે વરસાદની આગાહી વચ્ચે તંત્ર પણ સાવધાન થઈ ગયું છે. દેવભૂમિ દ્વારકા નજીક ભારે વરસાદના કારણે ૧૫ ઈંચ વરસાદ પડતા એકબાજુ જનજીવન ખોરવાઈ ગયું છે. બીજી બાજુ અતિભારે વરસાદની ચેતવણી અકબંધ રાખવામાં આવી છે. જેથી તંત્ર સંપૂર્ણ પણે સાવચેત છે.

## વરસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં દહેગામમાં આજે સવારના ૬ વાગ્યા સુધીમાં ૩૮ મી.મી., ગાંધીનગરમાં ૩ મી.મી. અને કલોલમાં ૨૨ મી.મી. વરસાદ નોંધાયો હતો.

જિલ્લામાં હજુ પણ હળવાથી ભારે વરસાદનુ પૂર્વાનુમાન છે.

## રિફર કરાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરમ્યાન આજે જિલ્લા મેલેરિયા તંત્ર દ્વારા જિલ્લાને રાજ્યમાંથી પ્રાપ્ત થયેલ એક હજારથી વધુ દવાયુક્ત મચ્છરદાનીનુ વિતરણ કરવાનું થતુ હોવાથી આજે ૪૫૦થી વધુ મચ્છરદાનીનું વિતરણ સુઘડ, ઉનાવા, આદરજ મોટી, ઉવારસદ, દહેગામ અને વરસોડા ખાતે જોખમી સગર્ભા માતાઓને તે વિતરીત કરવામાં આવેલ છે.

જિલ્લા મેલેરિયાતંત્ર દ્વારા જિલ્લામાં વાહકજન્ય રોગચાળો વિકરાળ રૂપ ધારણ ન કરે તે માટે સઘન સર્વેલન્સની કામગારી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત બાળકોને મેલેરિયા અને અન્ય વાહકજન્ય રોગોથી કેવી રીતે બચી શકાય તે માટે ખાસ શાળાકક્ષાએ સેમિનારોનું આયોજન કરી સમજૂત કરવામાં આવી રહ્યા છે.

## આજે ચુકાદો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુલાકાત દરમિયાન ઢબુડી માતા મળ્યા હોવાના કોઈ પુરાવા નથી. જયારે દવા બંધ કરવા માટે ઢબુડી માતાએ સલાહ આપી હતી કે નહી તેના પણ કોઈ પુરાવા નથી. જેને પગલે ચોકક્સ કારણોથી અથવા કોઈના કહેવાથી તેમને હેરાન કરવા અરજી કરવામાં હોય તેમ લાગે છે. માટે તેમને આગોતરા જામીન મળવા જોઈએ. કોર્ટે બન્ને પક્ષોની દલીલોના અંતે ચુકાદો શનિવારે સાંજ પર મુલતવી રાખ્યો છે.




## ખેડબ્રહ્મામાં સેવા કેમ્પ કલેક્ટરે ખુલ્લો મુક્યો

ખેડબ્રહ્મામાં છેલ્લા ૧૩ વર્ષથી યુવા ગ્રુપ દ્વારા ભાદરવી પૂનમે સેવા કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ યુવા ગ્રુપ દ્વારા શીત કેન્દ્ર સામે કેમ્પનું સાબરકાંઠા જીલ્લા કલેક્ટર પ્રવીણા ડી. કે. દ્વારા રીબીન કાપી આરતી કરી કેમ્પ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. કેમ્પમાં ગ્લુકોન ડી, બટાકા પૌઆ, મેડિકલ દવાઓ આપવામાં આવશે. કેમ્પમાં યુવા ગ્રુપ દિવસ સેવા આપશે. આ પ્રસંગે યુવા ગ્રુપના બ્રિજેશ બારોટ, સહિતના વોલેન્ટીયર જોડાયા હતા અને અમદાવાદથી યુવાની ટીમ મોટી સંખ્યામાં જોડાયા હતા.

## ગુજરાત અગ્રસ્થાને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્વચ્છ દર્પણ અભિયાન હેઠળ ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા જાગૃતિ અંગેની શ્રેષ્ઠ કામગીરી થઈ છે. જેનો એવોર્ડ પણ આ સમારંભમાં મળ્યો હતો. પંચમહાલના સુશ્રી જમનાબેન રાઠવાને સ્વચ્છતા અંગેની દૃષ્ટાંતરૂપ કામગીરી બદલ સ્વતંત્ર કેટેગરીનો એવોર્ડ મળ્યો છે. જામવંથલી સામુહિક આરોગ્ય કેન્દ્ર અને ખેડા ટોલ પ્લાઝાને પણ વિવિધ કેટેગરીમાં એવોર્ડ મળ્યા છે.